RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૩૬૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૯, ◆ અંકઃ ૦૯, ◆ સળંગ અંકઃ ૧૦૪, ◆ તા.૧૯/૦૭/૨૦૨૫, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ઓક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ખોટી કપાતો, કરમુક્તિઓ બાદ લેતા કરદાતાઓ પર આવશે તવાઈ!!

૧૪ જુલાઈએ દેશના વિભિન્ન સ્થળો ઉપર આ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી આ ચકાસણીમાં કરદાતા, ટેક્સ રિટર્ન પ્રિપેરર તથા ટેક્સ પ્રોફેશનલ્સ છે સામેલ

તા. ૧૫.૦૭.૨૦૨૫ ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ૧૪ જુલાઇના રોજ સમગ્ર દેશના વિભિન્ન સ્થળોએ બોગસ ઇન્કમ ટેક્સ કપતો અને કરમુક્તિઓના દાવા કરનાર કરદાતાઓ તથા તેમને મદદ કરનાર સરકાર દ્વારા માન્ય ટેક્સ રિટર્ન પ્રિપેરર તથા ટેક્સ પ્રોફેશનલ્સને ત્યાં તપાસ હાથ ધરવામાં આવેલ છે. આ તપાસ વિગતવાર માહિતી મેળવી, જમીની સ્તરે માહિતીની મુલવણી કરી હાથ ધરવામાં આવેલ છે. આ માહિતીમાં એવું ફલિત થતું હતું કે ઘણા મોટાપાયે કરદાતાઓ ખોટા અને બોગસ કર કપાતો અને કરમુક્તિઓના દાવા કરી રહ્યા છે. આ કામમાં અમુક ટેક્સ રિટર્ન પ્રિપેરર અને ટેક્સ પ્રોફેશનલ્સ પણ સામેલ હોવાની માહિતી પણ ડિપાર્ટમેંટને મળેલ હતી. અમુક કેસોમાં તો ખોટા TDSની રકમ દ્વારા વધારાના રિફંડ લેવામાં આવેલ હોય તેવી માહિતી પણ ફલિત થઈ હતી. આ માહિતી ઉપરાંત દિલ્હી, ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ, પંજાબ અને મધ્ય પ્રદેશમાં હાથ ધરવામાં આવેલ સર્વે અને સર્ચમાં પણ આ અંગે માહિતી ઇન્કમ ટેક્સ વિભાગને મળી હતી.

ઇન્કમ ટેક્સ કાયદાની કલમ 10(13A) કે જે હેઠળ ઘર ભાડાને લગતી કપાતો મળે છે, 80 GGC કે જે હેઠળ રાજકીય પક્ષોને આપવામાં આવેલ દાન બાદ મળે છે, 80 E હેઠળ મળતી શૈક્ષણિક લોનની કપાત, 80D હેઠળ મળતી મેડિકલેમની કપાત, 80G હેઠળ લેવામાં આવતી દાન અંગેની કપાત જેવી અનેક કપાતો માન્ય ના હોય તે અંગેની જાણકારી હોવા છતાં બોગસ લેવામાં આવી રહી હોવાની માહિતી ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને મળી હતી. આ બોગસ કપાતો લેવામાં સરકારી પબ્લિક સેક્ટર યુનિટના કર્મચારી, મલ્ટી નેશનલ કંપનીના કર્મચારી, વિવિધ શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓ, ધંધાકીય એકમોનો સમાવેશ થાય છે. ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને મળેલ માહિતી મુજબ અમુક ટેક્સ રિટર્ન પ્રિપેરર્સ તથા ટેક્સ પ્રોફેશનલ્સ આ પ્રકારની બોગસ કપાતો લેવા કમિશન કે ઊંચી ફી લઈ સેવા પૂરી પાડે છે. ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને એવું પણ માલૂમ પડ્યું છે કે અમુક વ્યવસાયીઓ બલ્કમાં ઇ મેઈલ બનાવી પછી આ ઇ મેઈલ બંધ કરી આપતા હોય છે જેના કારણે અધિકારીક નોટિસના મેઈલ વાંચવામાં આવતા નથી.

ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા 'ટ્રસ્ટ ટેક્સ પેયર્સ ફર્સ્ટ'નું વલણ રાખી તેઓને સામેથી આ બોગસ કપતો રિવર્સ કરી લાગુ ટેક્સ વ્યાજ સાથે ભરી આપવા જબજ તથા ઇ મેઈલ દ્વારા જણાવવામાં આવેલ છે. આ બાબતે ઇન્કમ ટેક્સ ઓફિસ દ્વારા કરદાતાઓને જાગૃત કરવા ઘણા કાર્યક્રમો પણ કરવામાં આવેલ છે. આ ઝુંબેશને કારણે છેલ્લા ચાર મહિનામાં અંદાજે ૪૦ હજાર જેવા કરદાતાઓએ પોતાના રિટર્ન અપડેટ કર્યા છે. આ અપડેટેડ રિટર્નના કારણે કરદાતાઓએ ૧૦૪૫ કરોડ જેવી રકમની બોગસ કપતો રિવર્સ કરી છે. આમ છતાં હજુ ઘણા કરદાતાઓએ આ બાબતે કશું કરેલ નથી. આ કરદાતાઓ આ કૌભાંડના સુત્રધારોની બહેધરીના કારણે આમ ના કર્યું હોય તેવું બની શકે.

ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા આ પ્રકારે બોગસ કપતો લેનાર વિરૂદ્ધ સખત કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેમાં કરદાતા તથા તેના સહયોગી ઉપર દંડ અને ક્રિમિનલ ફરિયાદ પણ થઈ શકે છે. ૧૫૦ સ્થળોએ હાલ ચાલી રહેલી કામગીરીમાં અનેક સ્ફોટક વિગતો અને માહિતી બહાર આવી શકે છે. આ પ્રેસ રીલીઝ દ્વારા કરદાતાઓને આ પ્રકારની ખોટી કપતો બાદ લેવામાં આવેલ હોય તો તાત્કાલિક રિવર્સ કરી લાગુ ટેક્સ અને વ્યાજ ભરી આપવા તાકીદ કરવામાં આવેલ છે.

ખોટી કપાતનો દાવો કરી ટેક્સ બચાવવાની વૃતિ ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ સાંખી લેશે નહીં તેવું આ પ્રેસ રીલીઝમાં સ્પષ્ટ થઈ રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના વર્ષમાં ૭ લાખ સુધીની આવક ઉપર કોઈ ટેક્સ લાગતો નથી અને ૨૦૨૫-૨૬ થી ૧૨ લાખ સુધીની આવક ઉપર ટેક્સ લાગુ થશે નહીં. આ પ્રકારે ઊંચી મર્યાદા હોવા છતાં કરદાતાઓ આ પ્રકારે ખોટી કપાતો અને કરમુક્તિઓનો દાવો કરે તે યોગ્ય નથી. માત્ર કરદાતા જ નહીં ટેક્સ પ્રોફેશનલ્સ પણ આ અંગે સજાગ થઈ ખોટી કપાતો કે કરમુક્તિઓ ને રોકવામાં ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને મદદરૂપ બને તે અપેક્ષિત ગણી શકાય.

ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.

પડતર કેસોનો નિકાલ કરવા ગુજરાત હાઈકોર્ટ ચલાવશે ખાસ ઝુંબેશ

દરેક ચાલુ શનિવારના રોજ ૧૦ વર્ષ કે તેથી જૂના ક્રિમિનલ કેસ સુનાવણી માટે લેવામાં આવશે

તા. ૦૯.૦૭.૨૦૨૫ ગુજરાત હાઈકોર્ટ દ્વારા ન્યાયિક ક્ષેત્રે પક્ષકારોની રાહત માટે ખૂબ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૦૫ જુલાઈથી દરેક ચાલુ શનિવારે ૧૦ વર્ષ કે તેથી વધુ વર્ષ જૂના ક્રિમિનલ અપીલના કેસો અને એવા કેસો જેમાં અરજદાર ૧૦ વર્ષથી વધુ જેલમાં હોય તેવા કેસોની સુનાવણી હાથ ધરવામાં આવશે. આ કેસોમાં ભલે આગળ તારીખ આપવામાં આવેલ હોય તો પણ આ ઝુંબેશ હેઠળ આ કેસોની ખાસ સુનાવણી હાથ ધરવામાં આવશે. જો કે સૌથી જૂના ૧૦૦ કેસોની સુનાવણી દર બુધવારે ચાલુ હોય આ કેસોનો સમાવેશ શનિવારે કરવામાં આવશે નહીં તેવી જાહેરાત કરવામાં આવેલ છે. ગુજરાત હાઈકોર્ટની રજીસ્ટ્રી સામાન્ય રીતે પ્રથમ અને ત્રીજા શનિવારે ચાલુ રહે છે. પરંતુ આ દિવસોમાં કોર્ટની સુનાવણીની કામગીરી થતી હોતી

નથી. પણ આ ખાસ ઝુંબેશ અંતર્ગત આ કોર્ટ ચાલુ હોય તેવા શનિવારે કોર્ટ જૂના પડતર કેસો માટે ખાસ સુનાવણી હાથ ધરશે. આ ખાસ ઝુંબેશ જુલાઇ ૨૦૨૫ થી ઓક્ટોબર ૨૦૨૫ સુધી હાથ ધરવામાં આવશે. આ અંગે વાત કરતાં ગુજરાત હાઇકોર્ટના એડવોકેટ ચિંતનભાઈ પોપટ જણાવે છે કે ''ગુજરાત હાઇકોર્ટનું આ પગલું ભારતીય ન્યાય વ્યવસ્થામાં નવા અધ્યાયની શરૂઆત કરશે. આવા ઘણા કેસો જે વર્ષોથી ચાલી રહ્યા છે તેનો અંત આવશે તેવું લાગી રહ્યું છે. ગુજરાત હાઇકોર્ટના આ નિર્ણયથી ઘણા અરજદારો અને તેમના પરિવારોને રાહત મળશે તેવું હું માની રહ્યો છું.''

ગુજરાત હાઇકોર્ટમાં અંદાજે ૧.૭૭ લાખ કેસો પડતર છે તેવી માહિતી મળી રહી છે. હાઇકોર્ટનો આ નિર્ણય ન્યાયતંત્રમાં પડતર કેસો ઘટાડવા તરફના પગલાંમાં અન્ય કોર્ટને પણ રાહ ચિંધનારૂં સાબિત થશે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

ભવ્ય પોપટ, ટેક્સ ટુડે

DIN ટાંકવા શું હવે ફરજિયાત નથી???

સેંટરલ GST દ્વારા DIN ટાંકવા હજુ ફરજિયાત છે. માત્ર જી.એસ.ટી. પોર્ટલ ઉપર આપવામાં આવેલ નોટિસ કે પત્રમાં DIN જરૂરી નથી

તા. ૨૩.૦૬.૨૦૨૫ સેંટરલ જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા આપવામાં આવતા કોઈ પણ પત્ર, નોટિસ, ઓર્ડર અથવા કોઈ પણ પત્રવ્યવહારમાં ઉઈંગ એટ્લે કે 'ડોકયુમેંટ આઈડેંટીફીકેશન નંબર' ટાંકવા ફરજિયાત ૦૫ નવેમ્બર ૨૦૧૯ થી ફરજિયાત બનાવવામાં આવેલ છે. કરદાતાને ઇ મેઈલ ઉપર મોકલવામાં આવેલ પત્ર ઉપર પણ DIN દર્શાવવા ફરજિયાત છે. ૦૯ જૂન ૨૦૨૫ ના રોજ એક સર્ક્યુલર ૧૪૯/૦૬/૨૦૨૫ બહાર પાડવામાં આવેલ છે જેમાં અમુક પ્રકારે આપવામાં આવેલ પત્ર વ્યવહારમાં DIN ફરજિયાત નથી તેવું જાહેર કરવામાં આવ્યું છે. જી.એસ.ટી. પોર્ટલ ઉપર જ્યારે કોઈ પત્ર, નોટિસ, ઓર્ડર વગેરે જ્યારે આપવામાં આવે છે ત્યારે તેમાં REF No હોય છે. આ રેફરન્સ નંબર હોય તેવા સંજોગોમાં DINની જરૂર નથી તેવું ૦૯ જૂનના રોજના સર્ક્યુલર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. DIN ફરજિયાત નથી તેવું માત્ર પોર્ટલ ઉપરથી પાઠવવામાં આવેલ નોટિસ, ઓર્ડર વી. ને લાગુ પડે છે અને એ સિવાય આપવામાં આવેલ કે કરવામાં આવેલ પત્ર વ્યવહાર ઉપર DIN હજુ ફરજિયાત છે. આમ, DIN હવે ફરજિયાત નથી તેવી માન્યતા ભૂલ ભરેલી છે જે જાણવું દરેક કરદાતા અને ટેક્સ પ્રોફેશનલ્સ માટે જરૂરી છે.

ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસીએશનના વર્ષ ૨૦૨૫-૨૬ના હોદેદારો અને કારોબારી સભ્યોની નિમણૂંક

ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસીએશનના વર્ષ ૨૦૨૫-૨૬ના હોદેદારો અને કારોબારી સભ્યોની નિમણૂંક ૭૧ મી વાર્ષિક સાધારણ સભામાં કરવામાં આવેલ છે. ૨૦૨૫-૨૬ના પ્રમુખ તરીકે નરેન્દ્રભાઈ કરકર, ઉપપ્રમુખ તરીકે રાજીવભાઈ શાહ, ઉપ પ્રમુખ આઉટસ્ટેશન તરીકે જેતપુરના લલિતભાઈ ગણાત્રા, સેક્રેટરી તરીકે પંકજભાઈ શાહ જ્યારે સેક્રેટરી આઉટ સ્ટેશન તરીકે જુનાગઢના રાજનીકાંતભાઈ કાલરિયાની નિમણૂંક થઈ હતી.

ગુજરાત ટ્રેડર્સ ફેડરેશન દ્વારા જી.એસ.ટી. સરળ બનાવવા નાણાંમંત્રીને રજૂઆત

જી.એસ.ટી.ને વેપારીઓ માટે સરળ બનાવવો છે જરૂરીઃ જયેન્દ્ર તન્ના, પ્રમુખ

તા. ૦૫.૦૭.૨૦૨૫ જી.એસ.ટી. કાયદો લાગુ થયાને આઠ વર્ષ જેટલો સમય થાય ગયો છે. આટલા વર્ષોમાં જી.એસ.ટી. માં ઘણા સુધારા કરવામાં આવેલ છે. આ પૈકી ઘણા સુધારાઓ એવા છે જેના કારણે જી.એસ.ટી. કાયદો લાગુ થયો ત્યારથી ઘણો સરળ બન્યો છે.

પરંતુ જી.એસ.ટી. હેઠળ ઘણા સુધારા એવા કરવામાં આવ્યા છે કે જેના કારણે વેપાર જગત અને ખાસ કરીને નાના વેપારીઓ અનેક મુશ્કેલી ભોગવી રહ્યા છે.

આ પૈકી વેચનારની ચૂકના કારણે ખરીદનાર વેપારીને જે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બાબતે અનેક નોટિસો તથા રકમ ભરાવવામાં આવેલ છે તે બાબતે સૌથી વધુ હેરાનગતિ થઈ રહી છે.

વેપારીને પડી રહેલી વિવિધ મુશ્કેલી જેવી કે જી.એસ.ટી. હેઠળ માફી યોજના, વાહન સેવા જ્યારે જીઊ માં આપવામાં આવે તે બાબતે ટેક્સ અંગે ખુલાસો, પેસેંજર વિહીકલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બાબતે ખુલાસો, જી.એસ.ટી. નોંધણીની મર્યાદા સેવા પ્રદાતાઓ માટે ૨૦ લાખથી વધારી ૫૦ લાખ કરવાં, કમર્શિયલ વાહનો ઉપરના જી.એસ.ટી. દરો બાબતે ખુલાસો કરવા બાબતે, પેટ્રોલ ડીઝલ ને જી.એસ.ટી. હેઠળ લાવવા, વાહનના થર્ડ પાર્ટી ઇન્સ્યુરન્સનો જી.એસ.ટી. ઘટાડવા જેવા મુદ્દા ઉપર ગુજરાત ટ્રેડર્સ ફેડરેશન દ્વારા નાણાંમંત્રી તથા જી.એસ.ટી. કાઉન્સીલના ચેરમેનને રજૂઆત કરવામાં આવેલ છે.

ભવ્ય પોપટ, ટેક્સ ટુડે

ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસીએશનના નવા હોદ્દેદારોને શુભેચ્છા

હેમંગભાઈ શાહ, એસોસીએટ મેમ્બર,
રજનીકાંતભાઈ કાલરિયા, સેક્રેટરી- આઉટસ્ટેશન,
લલિતભાઈ ગણાત્રા, વાઇસ પ્રેસિડંટ-આઉટસ્ટેશન
શુભેચ્છક
ભવ્ય ડી. પોપટ
એડિટર ટેક્સ ટુડે તથા સમગ્ર ટેક્સ ટુડે પરિવાર
ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસીએશનના નવા હોદ્દેદારો નિમાયા

ભાવનગર સેલ્સ ટેક્સ બાર એસોસીએશનના હોદ્દેદારોની વરણી સાહિલભાઈ શાહ બન્યા નવા પ્રમુખ

સિનિયર ટેક્સ કન્સલ્ટન્ટ ભરતભાઈ શેઠ છે આ એસો. ના પ્રેસિડેંટ એમીરેટ્સ નિલેષભાઈ રાજાઈ બન્યા માનદ્દ મંત્રી

સાહિલભાઈ પી. શાહ
પ્રમુખ

નિખિલભાઈ પી. શાહ
ઉપ પ્રમુખ

નલેષભાઈ રાજાઈ
માનદ્દ મંત્રી

તા. ૦૮.૦૭.૨૦૨૫ ભાવનગર સેલ્સ ટેક્સ બાર એસો. ના વર્ષ ૨૦૨૫-૨૬ ના નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવેલ છે. સંગઠનના પ્રમુખ તરીકે સાહિલભાઈ શાહ, ઉપ પ્રમુખ તરીકે નિખિલભાઈ શાહ, માનદ્દ મંત્રી તરીકે નિલેષભાઈ રાજાઈ, સહ મંત્રી તરીકે માધવ આર. ત્રિવેદી, ખજાનચી તરીકે તુષારભાઈ એન પંડ્યા, સહ ખજાનચી તરીકે જે કે પરમારની નિમણૂંક કરવામાં આવેલ છે.

આ ઉપરાંત કારોબારીમાં અનિલભાઈ બી. ટેકવાણી, IPP તરીકે અને કારોબારી સભ્યો તરીકે અજયભાઈ એન. મહેતા, નિલેશભાઈ બી. ટેકવાણી, મિતુલભાઈ ડી. ત્રિવેદી, દુષ્યંતભાઈ પટેલ, કિશોરસિંહ ચુડાસમા., સતીષભાઈ ટેકવાણી તથા દેવલભાઈ ઉપાધ્યાયની નિમણૂંક થયેલ છે. આ ઉપરાંત વિવિધ સમિતિના ચેરમેન તરીકે ઓપન ફોરમ સમિતિમાં રમેશભાઈ એન. ત્રિવેદી, સ્ટ્રી સર્કલ સમિતિમાં વિનોદભાઈ સરવૈયા તથા કોન્ફરન્સ કમિટીમાં ભરતભાઈ જે. દવે ને નિમણૂંક આપવામાં આવેલ છે.

ભવ્ય પોપટ, ટેક્સ ટુડે

GST કાયદામાં અધિકારીશ્રીની વેપારી અને અન્ય વ્યકિતઓ પાસેથી દસ્તાવેજો કે માહિતી માંગવાના અધિકારો-કાનૂની માર્ગદર્શન

એડવોકેટ
ડો. અક્ષત વ્યાસ

Dt. ૨૩.૦૬.૨૦૨૫

મિત્રો, GST કાયદો અમલમાં આવ્યાને આજેય લગભગ આઠ વર્ષ પૂરાં થવા જઈ સ્હ્યા છે, છતાં ઘણી બધી બાબતોને લઈને વેપારીઓમાં સ્પષ્ટતા કરવામાં શાસન નિષ્ફળ રહ્યું છે. આજની તારીખે ન તો ન્યાયપંચ (ટ્રિબ્યુનલ) કાર્યરત છે, ન તો કરદાતાઓ માટે જાહેર કરાયેલું સીટીઝન ચાર્ટર અમલમાં આવ્યું છે. તેના કારણે અનેક કરદાતા ન્યાયની રાહ જોઈ રહ્યા છે અને મોટાભાગના કરદાતા તો પોતાના મૂળભૂત અધિકારોથી પણ અજ્ઞાણ છે.

આવા સંજોગોમાં જ્યાં વ્યવસ્થાની ભવ્ય વાતો થઈ રહી છે ત્યાં વ્યવસ્થાના સાચા અમલ માટે અધિકારીઓના જ્ઞાન, નિષ્ઠા અને કાયદાકીય સમજ જરૂરી બને છે. મોટાભાગના અધિકારીઓ પોતાનું કામ કાયદાના પાલન કરે છે અને કર્મનિષ્ઠ રહે છે. પણ દુઃખની વાત છે કે અમુક અધિકારીશ્રીઓ વેપારીઓના ડરનો દુરુપયોગ કરે છે અને પોતાના હિત માટે અધિકારોથી વધારે સત્તાનો ઉપયોગ કરે છે. આથી વેપારીઓ પોતાના હક્ક અંગે સજાગ રહે એ અત્યંત આવશ્યક છે.

GST કાયદામાં અધિકારીશ્રીઓની સત્તા વિષયક ચર્ચા નવી નથી. અનેક વેપારી સંગઠનો દ્વારા વધુ સત્તા આપવા વિરોધમાં રજૂઆતો પણ કરવામાં આવી છે. જ્યારે આ કાયદાને 'ડિજિટલ ભારતનો પ્રથમ વ્યવસાયિક કાયદો' ગણવામાં આવે છે ત્યારે તેમાં માનવીય વ્યવહારનાં મર્યાદિત અભિગમો સામે પડકાર ઊભો થાય છે. અનેક વખત એવું માનવામાં આવે છે કે અધિકારીશ્રી જ્યારે ઇચ્છે ત્યારે જે વેપારીઓ તેઓને મળે તે વેપારીઓને નોટિશ આપી શકે છે અને તેઓ પાસે જે જોઈતા હોય તેવા દસ્તાવેજો કે માહિતી મંગાવી શકે છે. હાલમાં એવું પણ જોવાયું છે કે અમુક અધિકારીશ્રીઓ મન થાય ત્યારે મન થાય તે કરદાતાને email, phone, કે casually પત્ર લખી અમુક કાગળિયાઓ, અમુક હિસાબી સાહિત્ય અને અમુક વિગતો માંગે છે પરંતુ તે સાચું નથી કારણ કે હકીકતમાં કાયદો અધિકારીઓને એવો અનિયંત્રિત અધિકાર આપતો નથી.

હકીકત એ છે કે GST કાયદા હેઠળ અધિકારીશ્રીઓને માત્ર ચોક્કસ ધારા હેઠળ અને ચોક્કસ પરિસ્થિતિઓમાં જ વેપારીઓ પાસેથી દસ્તાવેજો કે માહિતી માંગવાનો અધિકાર છે. જે અધિકારીશ્રીઓ કાયદેસરની રીતસરમ વગર દસ્તાવેજો માંગે છે તે કાયદાનો દુરુપયોગ કરે છે. આવા અધિકારીઓની નીતિ પર શંકા જાય તો તેમાં કઈ ખોટું નથી આવા કિસ્સામાં ઈમેઈલ બાદ જ્યારે અધિકારીશ્રીઓ કરદાતાઓને ફોન કરે છે ત્યારે હદ વટાવી જાય છે કારણ કે અધિકારીશ્રીઓ એ સત્તાથી પર જઈ માંગેલ વિગતો આપવી દરેક વેપારી માટે આવા દસ્તાવેજો મોકલવો સ્વીકાર્ય હોતું નથી.

આજકાલ દેશમાં અને ગુજરાતમાં, ખાસ કરીને જામનગર સહિતના વિસ્તારોમાં, આવા બનાવો ઝડપથી વધી રહ્યા છે જ્યાં વેપારીઓને કોઈ પણ કારણો દર્શાવ્યા વિના, કાયદાની કોઈ પણ કલમ ટાંક્યા વિના ઈમેઈલ કે પત્ર પાઠવી દસ્તાવેજો માંગવામાં આવે છે. આવા પત્રોમાં કોઈ DIN (Document Identification Number) હોતા નથી અને તેમા કોઈ અધિકારીશ્રીની સહી પણ હોતિ નથી. આવા ઈમેઈલનો જવાબ ન આપતાં વેપારીઓને પછી ફોન કરીને ધમકી આપવામાં આવે છે કે ''જો દસ્તાવેજો ન આપો તો રેડ પડશે, સમન્સ મળશે...''

આવો માત્ર કાયદાનો નહીં પણ વ્યવસ્થાનો પણ દુરુપયોગ છે. આવા અધિકારીશ્રીઓ કાયદાનું પાલન કરતાં બીજા અનેક અધિકારીઓને પણ બદનામ કરે છે. પરિણામે કેટલાક વેપારીઓ સારા અધિકારીઓના પત્રો પણ અવગણવા મઁડે છે - જેનાથી કાયદેસર પ્રક્રિયા મોડી પડે છે અને વેપારીએ પણ એકતરફી કાર્યવાહીનો ભોગ બનવો પડે છે.

આ સંજોગોમાં ગુજરાત હાઈકોર્ટના મહત્વના ચુકાદા D.K. Enterprise vs State of Gujarat (SCA No. 13238 of 2022, Judgment Dt. 16.09.2022)માં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે ''Return scrutiny માટે ASMT-10 ફોર્મ આપવું ફરજિયાત છે. ફક્ત ઈમેઈલ દ્વારા દસ્તાવેજો માગવું એ કાયદેસર નથી.'' તે જ રીતે, Shree Ganesh Sales vs Union of India (2021 (46) G.S.T.L. 36 (M.P.), Judgment Dt. 18.01.2021)માં મધ્યપ્રદેશ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ''જે પત્રો કે ઈમેઈલમાં DIN નંબર અને અધિકારીની સહી ન હોય તે માન્ય નથી.''

આ સંદર્ભે હવે આપણે જોઈએ કે GST કાયદાની કઈ કઈ ધારા હેઠળ અધિકારીશ્રીઓ દસ્તાવેજો અથવા માહિતી માંગવાની સત્તા ધરાવે છે

GST કાયદામાં અધિકારીશ્રીઓ દસ્તાવેજો કયા સંજોગોમાં માંગી શકે છે?

Section 61 - Return scrutiny: પત્રકની છટણી માટે અધિકારીશ્રીએ ASMT-10 નોટિસ આપી શકે છે. આ નોટિસ વિના કાયદેસર દસ્તાવેજો માંગવાનું અયોગ્ય છે. D.K. Enterprise vs State of Gujarat (SCA No. 13238 of 2022) કેસમાં આ વાત પર મહત્વ આપવામાં આવ્યું છે. આ કેસમાં નામદાર કોર્ટ દ્વારા પેરેગ્રાફ ૧૪ માં કહેવામા આવ્યું છે તે પ્રમાણે ''ફોર્મ અજ્ઞખઝ-૧૦ વિના કરદાતાની સ્કુટની પ્રક્રિયા શરૂ કરવી એ કાયદાના બંધારણના વિરુદ્ધ છે. વિભાગને આવી પ્રથા તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપવામાં આવે છે.''

Section 65-Audit: જ્યારે ઇપાર્ટમેન્ટલ ઓડિટ માટે ADT-01 આપવામાં આવે ત્યારે અધિકારી દસ્તાવેજો માંગવાની સત્તા ધરાવે છે. A.P. Refinery Pvt. Ltd. vs Union of India, 2022 (56) G.S.T.L. 337 (P&H) ના કેસમાં ૧૧૧માં પારામાં કહ્યા મુજબ ''કોઈ કાર્યવાહી વિના ફરીથી દસ્તાવેજો માગવી એ હેરાનગતી સમાન છે. વિભાગને આ પ્રકારની નીતિ પર રોક લગાવવાનો આદેશ આપવામાં આવે છે.''

Section 66 - Special Audit: જ્યારે કોઈ કેસમાં કમ્પ્લેક્સિટી હોય ત્યારે કમિશ્નરની મંજૂરીથી CA/CMA દ્વારા ઓડિટ થાય છે અને ત્યારબાદ જ દસ્તાવેજો માંગવામાં આવે છે. અહી પણ નોટિશમાં કલમ નંબર અને કારણ જણાવાયેલ હોવું ફરજિયાત છે. ઇનો મતલબ છે કે કલમ કે કારણ વગરની નોટિશ આ કલમ હેઠળની ન હોય શકે.

Section 67 - Inspection/ Search/Seizure: અહી "Reason to Believe" હોવો ફરજિયાત છે અને સંયુક્ત કમિશ્નર અથવા તેનાથી ઉચ્ચ અધિકારી દ્વારા લેખિત મંજૂરી મળે ત્યારે જ આ કલમ હેઠળ કોઈ અધિકારીશ્રી કાયદેસર રીતે દસ્તાવેજો માંગે છે. Shiv Enterprises vs State of U.P. (2021 (49) G.S.T.L. 39 (All.)) ના કેસમાં પેરેગ્રાફ ૦૯ માં જણાવ્યા મુજબ ''Joint Commissionerની લેખિત મંજૂરી વિના સર્ચ કરવું એ Section 67ના નિયમોને ભંગે છે. આવી કાર્યવાહી રદ કરવી જોઈએ.'' તેવી જ રીતે R.S. Infra-Transmission Ltd. vs State of U.P. (2023 (75) G.S.T.L. 73)ના કેસમાં એવું બન્યું હતું કે અધિકારીશ્રી દ્વારા સંયુક્ત કમિશ્નરશ્રીની પરવાનગી વગર કરદાતાને ત્યાં તપાસ (રેડ)ની કાર્યવાહી કરવામાં આવી હતી અને અમુક દસ્તાવેજો જપ્ત કરવામાં આવેલ હતા તેવા સમયે અદાલતે કાયદાનું અર્થઘટન કરીને પેરેગ્રાફ ૧૩માં જણાવ્યુ કે ''અધિકારીશ્રીએ જે કાર્ય કર્યો તે તેમના અધિકાર ક્ષેત્રની બહારના છે અને આથી તપાસને લીધે લીધેલા પગલાં તમામ અમાન્ય જાહેર કરવામાં આવે છે.'' બંને કેસોમાં કરદાતાને ત્યાં તપાસ કઈ સંજોગોમાં થાય તે બાબત સ્પષ્ટ થાય છે. અને તપાસ પણ કોઈ અધિકારી પોતાના અહંકારને સંતોષવા માટે કરી શકતા નથી તેના માટે તેઓ પાસે સંયુક્ત કમિશ્નરશ્રીની મંજૂરી હોવી જરૂરી નથી તેઓએ કોઈ વેપારીને ત્યાં તપાસમાં જતાં પહેલા પૂરતા કારણો આપવા પડે તેમ છે ગુજરાત હાઈકોર્ટે Modern Traders vs State of Gujarat (SCA No. 11569 of 2022)ના પરાગ્રાફ ૧૦ માં જણાવ્યુ હતું તેમ ''પૂરતી પ્રાથમિક તપાસ વિના, માત્ર અનામ ઈમેઈલના આધારે તપાસ કરવી એ કાયદેસર નથી. આવા પગલાં કોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યા.''

Section 70 - Summons: તપાસ માટે સમન્સ ફક્ત ત્યારે જ ઇસ્યુ થઈ શકે જ્યારે તેનું કારણ સ્પષ્ટ રીતે નોંધવામાં આવે. P.R. Mani Electronics vs UOI, 2020 (38) G.S.T.L. 3 (Mad.)ના કેસમાં પેરેગ્રાફ ૧૭ માં જણાવ્યા મુજબ સમન્સ general inquiry માટે નથી-તે તપાસના વિશિષ્ટ તથ્યો માટે જ અપાય.

Sections 73-74-Tax Recovery: DRC-01A (pre-SCN) અથવા DRC-01 (SCN) જાહેર કર્યા પછી જ દસ્તાવેજોની માંગણી કાયદેસર ગણાય.

Section 54 - Refund Processing: જ્યારે કરદાતા રિફંડની અરજી કરે છે ત્યારે તે અરજીના સંદર્ભમાં પુષ્ટિ માટે અધિકારી દસ્તાવેજો માગી શકે છે.

GST Registration: નવા રજીસ્ટ્રેશન કે ફેરફાર દરમિયાન દસ્તાવેજોની માગણી ફોર્મમાં આપવામાં આવેલી વિગતોના પૂરાવા માટે મર્યાદિત હોય છે.

આ સિવાયના સંજોગોમાં જો અધિકારીશ્રી કોઈપણ દસ્તાવેજો માંગે છે, તો તે માગણી કાયદેસર નથી. કરદાતાઓ એ પત્રને અવગણી શકે છે, અથવા લિખિતમાં સવિનય જણાવી શકે છે કે ''આ માગણી કાયદા હેઠળ માન્ય નથી.''

આપણે અહીં એક જોરદાર મુદ્દો ભુલવા ન જોઈએ કે CBIC Circular No. 122/41/2019 - GST અનુસાર ''Document Identification Number (DIN) વગર કોઈપણ પ્રકારની સરકારી પત્રવ્યવહાર માન્ય ગણાતી નથી.'' અને જો DIN વગરના પત્ર/ઈમેઈલ મળ્યા હોય તો, તેને લીધે વેપારીએ કોઈ દસ્તાવેજો મોકલવાની ફરજ નથી. તાજેતરમાં તારીખ ૦૯ જૂન ૨૦૨૫ના રોજ CBIC દ્વારા પોતાની સૂચનાઓથી ફરી પ્રતિપાદિત કરેલ છે GST કાયદાના પાલન માટે બનાવાયેલ વેબસાઇટ પર જે દસ્તાવેજો બનાવવામાં આવે છે તેના ઉપર યુનિક રેફરન્સ નંબર હોય છે અને તેથી તેમાં DINની જરૂર નથી હોતી પરંતુ જે દસ્તાવેજો GST વેબસાઇટ પર નથી બનાવતા અથવા તેના પર અપલોડ નથી થતાં તેના ઉપર DIN હોવો ફરજિયાત છે આવા સંજોગોમાં હાલ જે પ્રકારના ઈમેલ આવે છે તેની ચકાસણી કરવામાં આવે તો તેના ઉપર કોઈ ઉઠિંગ નથી હોતા અને તેથી તેના જવાબો આપવા ફરજિયાત નથી. આવા સંદર્ભે Shree Ganesh Sales vs UOI (2021 (46) G.S.T.L. 36)ના કેસને જોવો જરૂરી છે જ્યાં પરાગ્રાફ ૧૦માં જણાવ્યુ છે તે મુજબ ''DIN વગરના પત્રો/ઈમેઈલ્સ કાયદેસર ગણાતા નથી. વિભાગે આવા પત્રવ્યવહાર તાત્કાલિક બંધ કરવો જોઈએ.''

હાલ, GSTના અનેક અધિકારીઓને વય મર્યાદામાં જુવાન છે અને આથી તેઓ આંખ બંધ કરીને કોર્ટના ચુકાદાઓ સાપેક્ષ ઉપરી અધિકારીશ્રીઓની સૂચનાઓને મહત્વ આપે છે અને આથી તેઓને M/s. Gujarat Gas Financial Corporation vs State of Gujarat (SCA No. 12811 of 2004, Gujarat HC) નો ચુકાદો જરૂરથી જાનાવવાનો થાય જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે જણાવ્યુ હતું કે ''Assessing Officer કે appellate authority Â¡ Tribunal અથવા High Courtના બંધનકારી ચુકાદાઓનું પાલન નથી કરતા તો તેઓ પોતાની પરિસ્થિતિ અને જોખમ પર કાયદા સાથે ધોકાધડી કરે છે. આવું કરવા બદલ તેઓ ક્યારેક કોર્ટની અવમાનનાની કાર્યવાહી હેઠળ આવી શકે છે.'' આમ ઉચ્ચ અધિકારીઓની સૂચના કાયદા સાપેક્ષ ન હોય તો અધિકારીશ્રીઓ સવિનયી તેનું ઉલંઘન કરી શકે છે અને તેવું કરીને તેઓ કાયદાના શાશનને જ માન આપશે.

અંતે, વેપારીઓએ વિચાર કરવો જોઈએ કે આવા પત્રોનો જવાબ આપવા કરતાં પહેલા તેઓને કાયદા મુજબ કોઈ ફરજ છે કે નહીં. જો કોઈ અધિકારી પત્ર આપી દસ્તાવેજો માંગે અને તમારું જવાબ ન આપે તો ફોન દ્વારા ધમકી આપે કે ''search/summon આવશે'', તો આવી કામગીરી સામે તમે જુમાવ કરી શકો છો. આ માટે રાજ્યના GST કમિશ્નર કે Vigilance વિભાગમાં લેખિત ફરિયાદ કરી શકાય છે. જો જરૂરી હોય તો હાઈકોર્ટમાં પણ writ દાખલ કરી શકાય છે.

નિષ્કર્ષરૂપે જણાવવાનું કે, GST કાયદો એ વેપારીઓને દંડવા માટે નહીં, પણ ન્યાય અને પારદર્શકતાનું માધ્યમ છે. અધિકારીઓએ પોતાનું કામ કાયદાની મર્યાદામાં રહીને કરવું જોઈએ અને કરદાતાઓએ પણ પોતાના હક્ક વિશે જાણવું જોઈએ.

આ લેખનો હેતુ કોઈપણ અધિકારીશ્રીઓની બદનામી કરવો નથી અનેક અધિકારીશ્રીઓ સારા અને કાયદાનું પાલન કરવા વાળા છે અને જેનું દર્પણ કરદાતાઓની સંખ્યામાં થતો વધારાની સાથે સાથે દેશની આવકમાં થતો વધારો છે પરંતુ અમુક જૂજ અધિકારીશ્રીઓ એવા છે જેઓને એ વાત સમજાવી જરૂરી છે કે કે કાયદો દરેકની રક્ષા કરે છે - માત્ર સત્તાવાળાની નહીં, પણ સત્યવાળાની પણ.

(લેખક જામનગર ખાતે ટેક્સ એડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરે છે. તેઓ જાણીતા લેખક છે. તેઓ જામનગર ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ સેક્રેટરી રહી ચૂક્યા છે અને અને ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટિશનર્સના નેશનલ એક્સીક્યુટિવ કમિટીના સભ્ય છે)

IMSમાં ભૂલથી રીજેક્ટ થયેલ TAX INVOICE અને CREDIT NOTEની ITC લેવાની સરળ ભાષામાં સમજુતી

-By Prashant Makwana, Tax Consultant, Than

પ્રસ્તાવના

GST પોર્ટલ પર હાલમાં IMS દ્વારા TAX INVOICE અને CREDIT NOTE ને GST પોર્ટલ પર ACCEPT અને REJECT કરી ત્યાર બાદ તે GSTR-2B માં આવે છે અને આપણે GSTR-3B માં ITC ક્લેમ કરી છી ઘણી વખત એવું બનતું હોય છે કે માલ ખરીદનાર વેપારી દ્વારા ભૂલથી TAX INVOICE અથવા CREDIT NOTE REJECT થય જાય છે. ભૂલથી REJECT થયેલ TAX INVOICEની ITC કેવી રીતે લેવી તે એક પ્રશ્ન હતો. CREDIT NOTE ભૂલથી REJECT થય જાય તો તે ITC રીવર્સ કેવી રીતે કરવી તે પણ એક પ્રશ્ન હતો. તેના માટે ૧૯/૦૬/૨૦૨૫ ના રોજ GST પોર્ટલ પર એક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે જેની સરળ ભાષામાં સમજુતી આ આર્ટીકલમાં આપવામાં આવી છે.

ભૂલથી REJECT થયેલ TAX INVOICE/ડેબીટ નોટ

ખરીદનાર વેપારી

ખરીદનાર વેપારી દ્વારા ભૂલથી ટેક્ષ ઇન્વોઇસ/ ડેબીટ નોટ રીજેક્ટ થય જાય ત્યારે ખરીદનાર વેપારી એ તેના વેચનાર વેપારીને જાણ કરવાની અને કહેવાનું કે વેચનાર વેપારી ને જે તે ટેક્ષ પીરીયડનું GSTR-3B ફાઈલ કરવાનું બાકી હોય તો વેચનાર વેચનાર વેપારી GSTR-3B ફાઈલ કરતા પહેલા GSTR-1Aના રીટર્ન માં કોઈ પણ પ્રકારનો ફેરફાર કર્યા વગર તેજ ટેક્ષ ઇન્વોઇસ ફરીથી અપલોડ કરશે તો તે ખરીદનાર વેપારીના IMSમાં બતાવશે અને તે ITC ક્લેમ કરી શકશે.

વેચનાર વેપારી એ જેતે ટેક્ષ પીરીયડનું GSTR-3B ફાઈલ કરી દીધું હોય તો વેચનાર વેપારી તેના પછીના ટેક્ષ પીરીયડમાં GSTR-1/IFFમાં AMENDMENTના કોલમમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કર્યા વગર તેજ ઇનોઈસ ફરીથી અપલોડ કરે એટલે ખરીદનાર વેપારીના IMSમાં તે ઇન્વોઇસ બતાવશે અને તેને ACCEPT કરી ને તે ITC ક્લેમ કરી શકશે.

જ્યારે વેચનાર વેપારી દ્વારા જે તે ટેક્ષ પીરીયડનું ટેક્ષ ઇન્વોઇસ હોય ત્યારે પછીના ટેક્ષ પીરીયડના GSTR-1/IFFમાં અપલોડ કરવામાં આવે ત્યારે સેક્સન ૧૬(૪)ની સમય મર્યાદાને ધ્યાન રાખવાની રહે છે.

વેચનાર વેપારી

હવે આપણે એવો પ્રશ્ન થાય કે વેચનાર વેપારી ફરીથી અપલોડ કરશે તો તેની આઉટપુટ લયાબીલીટી વધી નહિ જાય જ્યારે GSTR-1/IFFમાં AMENDMENTમાં ફિગર લખી છી ત્યારે તે જે ફેરફાર હોય તેને જ ધ્યાનમાં લે છે અહી આપણે કોઈ પણ પ્રકારનો ફેરફાર કર્યા વગર ટેક્ષ ઇન્વોઇસને અપલોડ કરશું એટલે વેચનાર વેપારી ની આઉટપુટ લાયાબીલીટી માં કોઈ ફેરફાર નહિ થાય.

ભૂલથી રીજેક્ટ થયેલ ક્રેડીટ નોટ

ખરીદનાર વેપારી દ્વારા ક્રેડીટ નોટને ભૂલથી REJECT કરવામાં આવે ત્યારે વેચનાર વેપારીને આઉટપુટ લાયાબીલીટી જે ઓપન GSTR-3B હોય તેમાં વધી જાય છે. ખરીદનાર વેપારી એ વેચનાર વેપારી ને રીક્વેસ્ટ કરવાની રહેશે કે જો વેચનાર વેપારી ને જે તે ટેક્ષ પીરીયડનું GSTR-3B ભરવાનું બાકી હોય તો કોઈ પણ પ્રકારનો ફેરફાર કર્યા વગર GSTR-1Aમાં તે ક્રેડીટ નોટ ફરીથી અપલોડ કરવાની રહેશે. વેચનાર વેપારી એ જે તે ટેક્ષ પીરીયડનુ GSTR-3B ફાઈલ કરી દીધું હોય તો ત્યાર પછીના GSTR-1/IFFના AMENDMENTના ટેબલ ખઅ કોઈ પણ પ્રકારનો ફેરફાર કર્યા વગર અપલોડ કરવાની રહેશે.

સૌ પ્રથમ વાર જ્યારે ખરીદનાર વેપારી એ ક્રેડીટ નોટ REJECT કરી હશે ત્યારે વેચનાર વેપારીના GSTR-3Bમાં આઉટપુટ લાયાબીલીટી વધી ગય હશે અને જ્યારે વેચનાર વેપારી GSTR-1A અથવા GSTR-1/IFFની AMENDMENTમાં ફરીથી અપલોડ કરી ત્યારે પાછી આઉટપુટ લાયાબીલીટી ઘટી જશે. ખરીદનાર વેપારી બીજી વાર અપલોડ થયેલ ક્રેડીટ નોટ ACCEPT કરી લે ત્યારે તેની ITC ઘટી જશે.

(લેખક થાનગઢ ખાતે પ્રેક્ટિસ કરે છે અને ટેક્સ ટુડેના નિયમિત લેખક છે)

નડિયાદ ટેક્ષ વ્યવસાયી એસોસિએશન દ્વારા કરવેરામાં આવેલ સુધારાની સમજ અંગે સેમિનાર યોજાયો

તા. ૩૦.૦૬.૨૦૨૫

ધ ટેક્ષ પ્રેક્ટિશનરસ એસોસિએશન નડિયાદ અને વિવિધ વેપારી મંડળ ના સંયુક્ત ઉપક્રમે કરવેરા માં આવેલ નવા સુધારા અંગે સેમિનાર નુ આયોજન હોટલ ટીજીસી, નડિયાદ ખાતે યોજાયો. જેમાં ઈન્કમ ટેક્ષ કાયદા અન્વયે ના સુધારા માટે સીએ મુંજાલભાઈ મોદી અને જીએસટી કાયદા અન્વયે પ્રમુખશ્રી પ્રેમલભાઈ શાહ દ્વારા ખુબ સરળ અને ઉમદા ભાષા માં વક્તવ્ય આપેલ. આ કાર્યક્રમ માં પ્રમુખશ્રી પ્રેમલભાઈ શાહ, મંત્રી દિવ્યેશભાઈ જોટાણીયા, ભુતપૂર્વ પ્રમુખશ્રીઓ, કારોબારી સભ્યો,ટેક્ષ વ્યવસાયિકો અને સહયોગી વેપારીમંડળ ના પ્રતિનિધિઓ અને સભ્યો મોટી સંખ્યામાં અંદાજિત ઉપસ્થિત રહીને ૧૬૦ જેટલા કરદાતાઓ એ લાભ લીધેલ.

અમિત સોની, ટેક્સ ટુડે

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.)

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના ઈન્કમ ટેક્સ રિટર્નમાં કરવામાં આવ્યા છે આ મહત્વના સુધારાઓ

૧૧ જુલાઈ ૨૦૨૫થી ITR ૨ અને ૩ ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર થઈ ગયા છે શરૂ

By Bhavya Popat, Advocate

તા. ૧૫.૦૭.૨૦૨૫ હાલ સામાન્ય રીતે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં આવી રહ્યા છે. ITR 1 અને ITR 4 તો ઘણા સમયથી ભરવાના શરૂ થઈ ગયા હતા. ગયા અઠવાડિયે ITR 2 અને ITR 3 જેની રાહ ઘણા સમયથી જોવાઈ રહી હતી તે રિટર્ન પણ પોર્ટલ ઉપર શરૂ થઈ ગયા છે. આ રિટર્ન ભરવામાં અમુક મહત્વના મુદ્દા ધ્યાને રાખવા જરૂરી છે. આ સુધારા આ નાણાકીય વર્ષ ૨૦૨૪ ૨૫ ના નાણાકીય વર્ષના રિટર્નમાં લાગુ થયા છે. આ મુદ્દા અંગે આજે આ લેખમાં ચર્ચા કરવામાં આવેલ છે.

ઈન્કમ ટેક્સ ટારોની જૂની યોજના સ્વીકારનાર પાસે માંગવામાં આવશે વધુ વિગતો

ઈન્કમ ટેક્સ હેઠળ હાલ નવા દરોની સ્કીમ અને જૂના દરો એમ બે સ્કીમ માંથી કરદાતાઓને અમુક શરતોને આધીન પસંદગી આપવામાં આવેલ છે. આ પૈકી ઈન્કમ ટેકસની જૂની સ્કીમ પસંદ કરનાર કરદાતા પાસે કપતો અને કરમુક્તિઓ બાબતે વધુ વિગતો આ વર્ષથી માંગવામાં આવી રહી છે. ઉદાહરણ તરીકે ઈન્કમ ટેક્સ કાયદાની કલામ 80 C હેઠળ કપાત મેળવવા ગત વર્ષ સુધી માત્ર કરદાતાઓ દ્વારા કીંક (જીવન વીમા પ્રીમિયમ) અંગે માત્ર રકમ જ આપવાની થતી હતી. હવે જ્યારે આ LIPમાં રકમ ઉપરાંત પોલિસી નંબરની વિગત પણ આપવાની રહેશે. આવી જ રીતે PPF સંદર્ભે કપાત લેવામાં PPFના ખાતા નંબરની વિગતો પણ આપવાની રહેશે. મેડીકલેઇમ પોલિસી સંદર્ભે ઈન્સ્યુરન્સ કંપનીનું નામ તથા પોલિસી નંબર કરદાતાએ આપવાનો રહેશે. આવી જ રીતે એજયુકેશન લોન સંદર્ભે લોન આપનાર બેન્કની વિગતો, એકાઉન્ટ નંબર, કઈ તારીખે લોન મંજૂર થઈ તે તારીખ, મંજૂર થેયલ રકમ, ૩૧ માર્ચે બાકી લોન રકમ જેવી વિગતો આપવાની રહેશે. કોઈ કરદાતા માન્ય મેડિકલ ટ્રીટમેન્ટ કરાવવા માટે કલમ 80 DDB હેઠળ કપાત માંગતા હશે તો જે તે બીમારીનું નામ સહિતનું માન્ય ડિગ્રી ધરાવતા ડોક્ટરનું સર્ટિફિકેટ લેવાનું રહેશે અને તેની વિગતો રિટર્નમાં આપવાની રહેશે. તો કોઈ દિવ્યંગજનો માટે ઈન્કમ ટેક્સની કલમ 80U ની કપાતનો દાવો કરવા ઓનલાઈન ફોર્મ 10-IA ભરવાનું રહેશે. આ સાથે તેઓની પાસે UDID (યુનિક ID) ધરાવતું માન્ય ડોક્ટરનું સર્ટિફિકેટ પણ

હોવું જરૂરી છે.

ITR 1 અને 4 ભરવા વધુ કરદાતાઓને તક આપવામાં આવી

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ થી મહત્વનો ફેરફાર લાગુ કરી જે કરદાતાઓને ઈક્વિટી મ્યુચલ ફંડ કે ઈક્વિટી શેર માર્કેટમાંથી થયેલ લાંબા ગાળાનો મૂડી નફો ૧.૨૫ લાખ સુધી હોય તેઓ ITR 1 અને 4 ભરવાની છૂટ આપવામાં આવેલ છે. આ છૂટ મળવાથી ઘણા કરદાતા આ પ્રમાણમાં સરળ ફોર્મ ITR 1 તથા ITR 4 ભરી પોતાની જવાબદારી પૂર્ણ કરી શકશે.

એસેટ-લયાબિલિટી રિપોર્ટિંગની મર્યાદામાં કરવામાં આવ્યો વધારો

એસેટ-લાયાબિલિટી રિપોર્ટિંગની મર્યાદા ગત વર્ષે ૫૦ લાખની હતી. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ થી આ મર્યાદામાં વધારો કરી ૧ કરોડની મર્યાદા કરવામાં આવ્યો છે. આમ, કરદાતા જ્યારે પોતાની ગ્રોસ આવક ૧ કરોડ કે તેથી વધુ હોય તો જ એસેટ-લાયાબિલિટી સ્ટેટમેન્ટ (મિલ્કત-જવાબદારી પત્રક) ભરવું ફરજિયાત બનશે. આ સુધારાના કારણે ઘણા નોકરિયાત કરદાતાઓ કે જેઓ પોતાનું સરવૈયું બનાવતા હોતા નથી તેઓને ખાસ રાહત મળશે.

શેર બાયબેકની આવક ''ડીમ્ડ ડિવિડંડ'' તરીકે દર્શાવવી બનશે જરૂરી

બજેટ ૨૦૨૪ થી કરવામાં આવેલ મહત્વના ફેરફારમાં ઈક્વિટી શેર બાય બેક જ્યારે કોઈ કંપની દ્વારા કરવામાં આવે ત્યારે શેર હોલ્ડર માટે આ આવક ''ડીમ્ડ ડિવિડંડ'' ગણવાની રહેશે. આ ફેરફાર પણ હવે ઈન્કમ ટેક્સમાં રિપોર્ટ કરવાનો રહેશે.

કપાત થયેલ TDSની સેક્શન દર્શાવવી બનાવવામાં આવેલ છે ફરજિયાત

કરદાતાએ પોતાના રિટર્નમાં ઝઉજ કઈ સેક્શન હેઠળ થયેલ છે અને આ ઝઉજ સંદર્ભે આવક ક્યાં સ્રોત હેઠળ દર્શાવેલ છે તેની વિગતો પણ ફરજિયાત આપવાની રહેશે.

ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવા માટે આધાર કાર્ડ બની ગયું છે ફરજિયાત

૦૧ ઓક્ટોબર ૨૦૨૪ થી વ્યક્તિગત કરદાતા માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવા માટે આધાર કાર્ડ ફરજિયાત બનાવી આપવામાં આવ્યું છે. આ ઉપરાંત PAN માટેની અરજી કરવામાં જ આધાર કાર્ડ ફરજિયાત બનાવી આપવામાં આવ્યું છે. આમ, કોઈ પણ કરદાતા માન્ય આધાર નંબર વગર ઈન્કમ ટેક્સ ભરી શકશે નહીં. અગાઉ આધાર કાર્ડ અંગેની એનરોલમેંટ ID દર્શાવી રિટર્ન ભરી શકાતું હતું.

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ દર વર્ષે બજેટમાં સતત ફેરફારો થતાં જ રહેતા હોય છે. આ ફેરફારોને સલગ્ન ફેરફાર રિટર્ન ભરવાની યુટિલિટી થાય તે સ્વાભાવિક છે. પરંતુ આ સિવાય પણ ઘણા ફેરફારો આ રિટર્ન ભરવાની યુટિલિટીમાં સતત થયા કરતાં હોય છે. આ ફેરફારો ચોક્કસ જરૂરી હશે પરંતુ યુટિલિટીમાં આ ફેરફારો સતત કરતાં રહેવાના બદલે એક સાથે વર્ષની શરૂઆત માંજ આ ફેરફારો કરવામાં આવે તેવી પદ્ધતિ અને જવાબદારી લાગુ કરવામાં આવે તે ''ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ'' માટે અનિવાર્ય છે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં ૧૪.૦૭.૨૦૨૫ ના રોજ પ્રકાશિત થયેલ છે)

ઐતિહાસિક નગર સિદ્ધપુર ખાતે સેમિનાર યોજાયો...



સિદ્ધપુર, તા.૦૧-૦૭-૨૦૨૫

માં સરસ્વતી નદીના પટ પર વસેલું ઉત્તર ગુજરાતનું પાટણ જિલ્લાના ઐતિહાસિક નગર સિદ્ધપુર ખાતે કાયદાના અભ્યાસુ એવા સમગ્ર ઉત્તર ગુજરાતના વકીલો જ્ઞાનની અભિલાષા સાથે ભેગા થયા, જાણે એક મેળો ભરાયો... આમેય, સિદ્ધપુર કોતરણીબંધ ઈમારતો, બિંદુ સરોવર 'માતૃગયા', 'રુદ્રમહાલય' અને 'મેળા' માટે પણ જગ વિખ્યાત પવિત્ર શહેર છે.

ધી નોર્થ ગુજરાત ટેક્સ પ્રેક્ટીશનર્સ એસોસિએશનના ઉપક્રમે 'સી.એ ડે' અને 'જી.એસ.ટી. ડે' પહેલી જુલાઇના રોજ ખાતે હોટેલ મેરીગોલ્ડ, ખલી ચાર રસ્તા, સિદ્ધપુર ખાતે એક દિવસીય જી.એસ.ટી. સેમિનાર યોજાયો. સેમિનાર તેના નિર્ધારિત સમય સવારે ૧૦૧૦ વાગે ગણપતિ દાદાની સ્તુતિથી શુભ શરૂઆત કરી 'દીપ પ્રાગટય' કરી સેમિનાર ખુલ્લો જાહેર કર્યો. શાંતિલાલ ઠક્કરે રશિમનભાઈ વાજાનો પરિચય આપ્યો, શાલ ઓઢાડી સન્માનિત કરાયા અને સાથે સાથે યાદગીરી રૂપે ઉત્તર ગુજરાતના પાલનપુર ખાતેનું જાણીતું અત્તર ભેટ આપી રશિમનભાઈની સુવાસ પણ ચારે કોર ફેલાય તેવી આશા વ્યક્ત કરી. સમગ્ર કાર્યક્રમના (માસ્ટર ઓફ સેરેમની) ચેરમેન શાંતિલાલ ઠક્કર અને કૌશિકભાઈ છવાડાએ ખુબજ સારી મહેનત કરી કાર્યક્રમને દીપાવ્યો હતો.

આ સેમિનારમો સિધ્ધ સૉફ્ટવેર ઈન્ડિયા પાઈવેટ લિમિટે એ ''ટેલિ'' અંગે માર્ગદર્શન આપ્યું, અને ''કરવેરા સલાહકાર'' ગુજરાતી પખવાડિકના તંત્રી એવા સૌના લાડીલા મનીષભાઈ શાહે ''પૂજા લૉ હાઉસ'' અને ''પૂજા પબ્લિકેશન'' દ્વારા ખૂબ સારું વળતર જાહેર કર્યું હતું.

આ સેમિનારમાં વક્તા તરીકે જાણીતા અને જી.એસ.ટી નિષ્ણાત ઈઅ રશિમનભાઈ વાજા ચાલુ કામકાજના દિવસે પણ ખાસ હાજરી આપી સૌને મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડ્યું. આ સેમિનારના પ્રમુખશ્રી દિલિપભાઈ ઠક્કર અને મંત્રીશ્રી તરીકે નરેશભાઈ પરમાર સહિત સમગ્ર ટીમે સુંદર આયોજન કર્યુ હતું. એક ટૂંકા અંતરાલ બાદ ''ધી નોર્થ ગુજરાત ટેક્સ પ્રેક્ટીશનર્સ એસોસિએશન'' ની સાધારણ સભા એજ સ્થળે મળી, હિસાબ કિતાબ, કામ-કાજ નો અહેવાલ વંચાણ અને મજૂરી જેવી વહીવટી કાર્યવાહી નિયમો અનુસાર પૂર્ણ કરી અને સિધ્ધપુરના પ્રદીપભાઇને પ્રમુખ અને નટુભાઇ ને મંત્રી તરીકે પસંદ કરી વિધિવધ રીતે ચાર્જ સોપ્યો. અંતે આભાર વિધિના કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરાવમો આવ્યો. આમ, દૂર દૂર થી પધારેલ સૌ વકીલ મિત્રોએ જ્ઞાન અને સ્વરૂચિ ભોજન થકી તૃપ્ત થયાની લાગણી અનુભવી.

કુછ દિન તો ગુજારીએ.., ઉત્તર ગુજરાત મેં...

– હર્ષદ ઓઝા
(ઉત્તર ગુજરાત ઝોન)
www.hashadkumarvozawordpress.com

ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ દ્વારા અન્ય એસોસિએશનના સહયોગથી નડિયાદ ખાતે સેમિનારનું આયોજન

ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસો તથા ધ ટેક્સ પ્રેક્ટિશનર એસો. નડિયાદના સાયુક્ત ઉપક્રમે થયું આયોજન

તા. ૧૨.૦૭.૨૦૨૫ ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ, ધ સ્ટેટ ટેક્ષ બાર એસોસિએશન અને ધ ટેક્ષ પ્રેક્ટિશનર એસોસિએશન નડિયાદ ના સંયુક્ત ઉપક્રમે ઈન્કમટેક્સ અને જીએસટી કાયદા અન્વયે હોટેલ જલાશ્રય રિસોર્ટ ખાતે બીજો મોફીસીયલ સેમિનાર યોજાયો. આ સેમિનારના મોફીસીયલ કમિટી ચેરમેન કાર્તિકભાઈ શાહ, એજીએફટીસી પ્રમુખ આશુતોષ ઠક્કર, ટીપીએ પ્રમુખ પ્રેમલ શાહ, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ રમેશભાઈ ત્રિવેદી, એજીએફટીસી મંત્રી પાર્થ દોશી, ટીપીએ મંત્રી દિવ્યેશ જોટાણીયા ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર પ્રમુખ નરેન્દ્ર કરકર, મંત્રી પંકજ શાહ, વક્તાશ્રી હરિત ધારીવાલ, સીએ પથિક શાહના વરદહસ્તે સેમિનાર ઉદઘાટિત કરેલ.ઈન્કમટેક્સ વિષય પર વક્તા શ્રી હારિત ધારીવાલ અને જીએસટી વિષય પર સીએ પથિક શાહે ઉમદા અને રસપ્રદ વક્તવ્ય આપ્યા હતા. આ પ્રસંગે ત્રણેય એસોસિએશન ના પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રીઓ, કારોબારી સભ્યો, જનરલ સભ્યો, અમદાવાદ, વડોદરા, ભાવનગર, આણંદ, નડિયાદ, કપડવંજ ટેક્ષ વ્યવસાયિકો મોટી સંખ્યામાં જોડાઈને આ સેમિનાર ને સફળ બનાવેલ.

અમિત સોની, ટેક્સ ટુડે

ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ અને સેંટરલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટના સંયુક્ત ઉપક્રમે વડોદરા ખાતે બે દિવસીય નેશનલ ટેક્સ કોન્ફરન્સ 'અર્થમંથન'નું સફળ આયોજન

સમગ્ર દેશમાંથી ટેક્સ પ્રોફેશનલ બે દિવસ બનશે વડોદરાના મહેમાન

તા. ૨૮.૦૬.૨૦૨૫ ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્ષ પ્રેક્ટિશ્નર (વેસ્ટ ઝોન) અને સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટના સંયુક્ત ઉપક્રમે બે દીવસીય 'અર્થમંથન' નેશનલ ટેક્ષ કોન્ફરન્સ કમીર રિસોર્ટ, વડોદરા મુકામે યોજાઈ. આ કોન્ફરન્સ ના ચીફ ગેસ્ટ અને ઉદ્ઘાટક નામદાર ગુજરાત હાઈકોર્ટ જજ શ્રી ભાર્ગવ ડી કારીઆ સાહેબ ગેસ્ટ ઓફ ઓનર ડૉ. દિનેશ સિન્હા (Judicial Member of ITAT), Rajkot), Aiftp National President એડવોકેટ સમીર જાની, Aiftp (wz) President સચિન ગાંધી, Cgctc મમુખશ્રી દીપકભાઈ અમીન, મંત્રી ધર્મેશ ગાંધી, પ્રેસિડેન્ટ એમ્બિટ્રસ ભાસ્કર પટેલ, કોન્ફરન્સ ચેરમેન વિજયભાઈ શાહ, કોન્ફરન્સ મંત્રી ફૈઝાન ડભોવાલા અને અન્ય મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ઉદ્ઘાટિત કરવામાં આવેલ.

નામદાર ગુજરાત હાઈકોર્ટ જજ શ્રી ભાર્ગવ ડી કારીઆ સાહેબ એ પ્રાસંગિક ઉદબોધન કરી, સમૃદ્ધમંથન ને અર્થમંથન સાથે જોડી કરદાતાને કાયદાની જોગવાઈ સાથે અવગત કરેલ. આ કોન્ફરન્સ ખુબ સફળદાયી બને તેવી શુભેચ્છાઓ પાઠવેલ.

આ કોન્ફરન્સ ના પ્રથમ ટેક્નિકલ સેશન ના વક્તા સીએ અભય દેસાઈ એ જીએસટી કાયદા અન્વયે કલમ ૫૦ વ્યાજ અંગે એડવાઈઝરી ની સરળ અને ઉમદા વ્યક્તવ્ય આપેલ.

બીજા ટેક્નિકલ સેશન વક્તા સિનિયર એડવોકેટ તુષાર હેમાની એ ઈન્કમ ટેક્ષ અને જીએસટી બંને ની સામ્યતા અંગે ઉમદા વક્તવ્ય આપેલ.

ત્રીજા ટેક્નિકલ સેશન ના વક્તા એડવોકેટ મુકુલ ગુપ્તા (ગાઝિયાબાદ) દ્વારા જીએસટી અપીલ ની સમય મર્યાદા અંગે ઉમદા વક્તવ્ય આપેલ. આ નેશનલ ટેક્સ કોન્ફરન્સના બીજા દિવસે અમૃતસરના ઈઅ આંચલ કપૂર દ્વારા એક

જ કરદાતાને આપવામાં આવેલ 'મલ્ટિપલ નોટિસ'ના વિષય અંગે વક્તવ્ય આપવામાં આવેલ હતું. આ સેશનમાં ચેરમેન તરીકે ઓલ ઈન્ડિયા ફેડરેશનના પૂર્વ પ્રમુખ એડવોકેટ ડી. કે. ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ ઓલ ઈન્ડિયા ફેડરેશનના પૂર્વ પ્રમુખ સિનિયર એડવોકેટ પ્રેમલતા બંસલજી ચેરમેન તરીકે હતા જેમાં વક્તા તરીકે 'CA ગુરૂ' તરીકે સમગ્ર દેશમાં જાણીતા ડો. ગિરીશ આહુજાએ નવા લાગુ થનાર ઈન્કમ ટેક્સ બિલ અંગે ઉપયોગી વક્તવ્ય આપ્યું હતું. નેશનલ ટેક્સ કોન્ફરન્સમાં છેલ્લા ટેકનિકલ શેશન 'ઘેઇન ટ્રસ્ટ'નું હતું જેમાં ડેલિગેટ્સના પ્રશ્નોના જવાબ તજજ્ઞો દ્વારા આપવામાં આવ્યા હતા. ઈન્કમ ટેક્સના વિવિધ પ્રશ્નોના જવાબ ઈઅ પલ્લ પાવાગઢી તથા એડવોકેટ વિવેક ચાવડા દ્વારા આપવામાં આવ્યા હતા. જી.એસ.ટી. ઉપરના વિવિધ પ્રશ્નોના જવાબ એડવોકેટ સમીર સિદ્ધપુરીયા તથા એડવોકેટ પાર્થ બબેકા દ્વારા આપવામાં આવ્યા હતા. વડોદરાના ટેક્સ એડવોકેટ, સેંટરલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટના સ્થાપક સભ્ય અને પ્રેસીડંટ એમીરેટ્સ અને ઓલ ઈન્ડિયા ફેડરેશનના ટ્રેઝરર ભાષ્કરભાઈ પટેલનું વિશિષ્ટ સન્માન આ નેશનલ ટેક્સ કોન્ફરન્સમાં કરવામાં આવ્યું હતું. આ નેશનલ ટેક્સ કોન્ફરન્સમાં માસ્ટર ઓફ સેરેમની તરીકે જાન્વી શાહ તથા ભવ્ય પોપ્ટ દ્વારા સેવા આપવામાં આવી હતી. આ નેશનલ ટેક્સ કોન્ફરન્સને સફળ બનાવવા કોન્ફરન્સ ચેરમેન વિજયભાઈ શાહ, સેક્રેટરી ફૈઝાન ડભોઈવાલા તથા તેમની ટિમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. અંતમાં કોન્ફરન્સ મંત્રી ફૈઝાન ડભોઈવાલા સૌ નો આભાર માની આભાર વિધિ પૂર્ણ કરેલ. આ કોન્ફરન્સ મા ભારત અને ગુજરાત ના ૪૦૦ જેટલા ટેક્ષ વ્યવસાયિકો મોટી સંખ્યામાં જોડાઇ કાર્યક્રમ ને સફળ બનાવેલ..

અમિત સોની, ટેક્સ ટુડે

સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

Dt. 05.07.2025
Goods Services Tax

અમારા અસીલ સોની છે. તેઓ જે URP (બિન નોંધાયેલ વ્યક્તિ) પાસેથી ખરીદી કરે છે તો શું અમારા અસીલ RCM ભરવા જવાબદાર બને? અમારા અસિલે આ ખરીદી બદલ ક્યાં ક્યાં પુરાવા રાખવા જોઈએ?

– સુંદરીયા કોલીપરા, પોન્નુર

જવાબઃ ના, સોની URP (બિન નોંધાયેલ વ્યક્તિ) પાસેથી ખરીદી કરે તો RCM ભરવાની જવાબદારી આવે નહીં. આપના અસીલ દ્વારા જે URP ખરીદી થાય તેનું પેમેન્ટ વાઉચર બનાવી વેચનારની સહી કરાવવી જોઈએ. આ ઉપરાંત ખરીદનારના આધાર કાર્ડ અને શક્ય હોય ત્યાં સુધી જ્વાગ પણ લેવા જોઈએ તેવો અમારો મત છે.

પ્રથમ વિવાદ અરજી ના મંજૂર થઈ હોય, ટ્રાઈબ્યુનલમાં અપીલ કરવા કેટલા દિવસનો સમય મળે?

– જે વી. પટેલ એન્ડ કૂ, જેતપુર

જવાબઃ પ્રથમ વિવાદ અરજી ના મંજૂર થઈ હોય તો પ્રથમ અપીલનો આદેશ મળ્યા હોવાના ૩ મહિનામાં અપીલ દાખલ કરવાની રહે છે. આ અપીલમાં પણ યોગ્ય કારણ દર્શાવવામાં આવે તો આ અરજી વધુ એક મહિના સુધી એટલે કે ૪ મહિનામાં કરવાની રહે છે.

જી.એસ.ટી. હેઠળ નાણાકીય ૨૦૨૮-૨૯ના વર્ષ માટે ડિમાન્ડ આવેલ હતી જેના ૧૦% ડિમાન્ડ ભરી અપીલ કરવામાં આવી હતી. આ ડિમાન્ડ સામે અપીલ કરેલ હતી. પરંતુ હવે 'એમ્નેસ્ટી સ્કીમ' આવતા હવે ઓર્ડર સામે કરવામાં આવેલ અપીલ પાછી ખેંચી, SPL 2 ભરવામાં આવેલ છે. અમે ભરેલ પ્રિ ડિપોઝિટનું રિફંડ મળે? આ રિફંડની પ્રોસેસ કેમ કરવી?

– રાજેશ જે સુથાર, ભુજ-કચ્છ

જવાબઃ આપના દ્વારા અપીલ દરમ્યાન જે પ્રિ ડિપોઝિટ ભરવામાં આવેલ છે તેનું રિફંડ "Other" કોલમમાં મળશે.

અમારા અસીલના કેસમાં DRC 07 માં ઓર્ડર આપવામાં આવેલ હતો. આ ઓર્ડરમાં માત્ર ૧૬(૪) નો જ મુદ્દો હતો અને આ કારણે રેકટીફિકેશન દાખલ કરેલ છે. આ બાબતે રિવાઈઝ ઓર્ડર ૨૧.૦૬.૨૦૨૫ ના રોજ પસાર થઈ ગયો છે. હવે કલમ 128Aની સ્કીમમાં જવા અમારે પેમેન્ટ અને ફોર્મ ભાવમાં તારીખ કઈ તારીખ જોવાની રહી? મૂળ ઓરિજિનલ ઓર્ડરની કે રિવાઈઝ ઓર્ડરની?

– જગદીશ વ્યાસ એન્ડ કું, ડીસા

જવાબઃ અમારા માટે રેકટિફિકેશનની અરજી પડતર છે એ કારણે અરજી એમ્નેસ્ટી સ્કીમ અંતર્ગત ચુકવણી કરવા અથવા અરજી કરવા માટે વધારાનો સમય મળે નહીં તેવો અમારો મત છે.

ટેક્સ ટુડે એક્સપર્ટઃ
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

–:: ખાસ નોંધ ::–

૧. જી.એસ.ટી.ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવાનો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરાના દર અંગેના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ 'ટેક્સ ટુડે' ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો 'ટેક્સ ટુડે'ને નીચે આપેલ ઇ-મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગોમાં વાચકોને વિનંતી કે એક્સપર્ટ્સનો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતેના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ-મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

ડિસ્ક્લેમરઃ આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

જી.એસ.ટી.ની ૮ વર્ષની સફરઃ થોડા હે થોડે કી ઝરૂરત હે....

આજે ૮ વર્ષ જી.એસ.ટી. કાયદો લાગુ થયાને પૂર્ણ થાય છે ત્યારે ભૂતકાળ નહીં પરંતુ વર્તમાન અને ભવિષ્યમાં ડોકિયું કરવાં અંગે આ છે ખાસ લેખ

તા. ૦૨.૦૭.૨૦૨૫

૦૧ જુલાઈ ૨૦૧૭ના રોજ રાત્રિના ૧૨ કલાકે સંસદ ભવનના સેન્ટરલ હૉલમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા નાણામંત્રી અરુણ જેટલી સહિત દેશભરના સાંસદોની હાજરીમાં જી.એસ.ટી. એટલેકે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાયદો લાગુ કરવામાં આવ્યો હતો. ભારતીય ટેક્સ પ્રણાલીમાં જી.એસ.ટી. કાયદો આમૂલ પરીવર્તન તરીકે ગણવામાં આવી રહ્યો હતો. ''વન નેશન-વન ટેક્સ-વન માર્કેટ'' એ જી.એસ.ટી. કાયદાની 'પંચ લાઈન' અથવા તો "USP" પણ ગણી શકાય. આજે આ જી.એસ.ટી. કાયદો લાગુ થયાને ૮ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે શું છે હાલમાં જી.એસ.ટી. કાયદાની અમલવારી અંગેની પરિસ્થિતી અને શું છે હોય શકે છે. જી.એસ.ટી.નું ભવિષ્ય આ બાબતે ચર્ચા કરવાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

૧. 'સિમલેસ ક્રેડિટ'નો મુખ્ય ઉદ્દેશ નથી રહ્યો યાદ !!

'સિમલેસ ક્રેડિટ'ના મુખ્ય ઉદ્દેશ સાથે લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી. કાયદાની આજે આઠ વર્ષ બાદ જો સૌથી ગંભીર ક્ષતિ ગણાય તો તે ક્ષતિ એ ગણી શકાય કે આજે સાત વર્ષ બાદ જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ લેવી અત્યંત મુશ્કેલ બનાવી આપવામાં આવી છે. માલ અને સેવાઓ વચ્ચે ઈન્પુટ ક્રેડિટ મળી શકે, આંતર રાજ્ય માલ વિનિમયની ક્રેડિટ મળી શકે અને આ ક્રેડિટના કારણે માલ પર ટેક્સનો બોજો ઘટે અને માલ ગ્રાહકો માટે સસ્તો બને તે હેતુ જી.એસ.ટી. લાગુ કરવાનો મુખ્ય હેતુ હતો. પરંતુ આજે આઠ વર્ષ પછી જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ લેવી એ ''લોઢાંના ચણા ચાવવા'' જેવી મુશ્કેલ બાબત બની ગઈ છે. અવારનવાર પકડવામાં આવતા જી.એસ.ટી. હેઠળના કરચોરીના કૌભાંડના કારણે દિવસેને દિવસે જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવી કરદાતા માટે મુશ્કેલ બનાવવામાં આવી છે. કરચોરોના કરચોરીની સજા હાલ પ્રમાણિક વેપારીઓ ભોગવી રહ્યા હોય તેવું જમીની સ્તરે ફલિત થઈ રહ્યું છે. જી.એસ.ટી.ને સફળ બનાવવા આ ક્ષતિ દૂર કરવી ખૂબ જરૂરી છે. ખરીદનાર વેપારી દ્વારા યોગ્ય જી.એસ.ટી. ચૂકવી ખરીદવામાં આવેલ માલ ઉપર વેચનાર વેપારી વેરો ના ભરે એવી પરિસ્થિતીમાં ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ માન્ય ના રાખવામા આવે તે ક્યાંનો ન્યાય??? હા કરચોરીમાં સાંઠગાંઠ સાબિત થઈ તેવા ખરીદનાર વેપારીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવામાં આવે તે બારોબાર છે પરંતુ સામાન્ય ધંધાકીય વ્યવહારમાં થતી ખરીદી ઉપર આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવી એ પાડાના વાંકે ખખાલીને ડામ આપવા જેવી બાબત જ ગણી શકાય. આમ, કહી શકાય કે આજે વર્ષ બાદ ''સિમલેસ ક્રેડિટ'' મળી રહે તે હેતુ ફલિત થયો નથી. વેપાર જગતમાં તો એ માન્યતા સામાન્ય થઈ ગઈ છે કે જૂના વેટના સ્થાને જી.એસ.ટી. લાવતા, ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બાબતે તો બકરું કાઢતા ઊંટ પેસી ગયું હોવા જા હાલ છે.

૨. આજે ૮ વર્ષ પછી પણ છે જી.એસ.ટી. ટ્રિબ્યુનલની રાહ!!

જી.એસ.ટી. એક નવો કાયદો હોય તકરારોનું પ્રમાણ વધુ રહે તે સ્વાભાવિક છે. આજે જી.એસ.ટી. કાયદાની રચનાને આઠ વર્ષ પુર્ણ થયા પછી પણ જી.એસ.ટી. ટ્રિબ્યુનલની નથી થઈ શકી કાર્યરત. આઠ સુધી કોઈ કાયદામાં જોગવાઈ હોવા છતાં ટ્રિબ્યુનલની સ્થાપના ના કરવામાં આવી હોય તે કદાચ આ પ્રથમ ઘટના હશે. ટેક્સ પ્રોફેશનલ્સમાં તો આ બાબતને લઈ એટલો રોષ છે કે જેની કલ્પના કરવી મુશ્કેલ છે. સુપ્રીમ કોર્ટ તથા વિવિધ હાઈકોર્ટ દ્વારા પણ આ બાબતે ટકોર કરવામાં આવેલ છે. અનેક પક્ષકારોએ ટ્રિબ્યુનલ ના હોવાના કારણે અનેક કરદાતાઓએ હાઈકોર્ટના દ્વારા ખખડાવવા પડ્યા છે. એવા પણ કિસ્સા મોટા પ્રમાણમાં છે જ્યાં ટ્રિબ્યુનલના હોવાના કારણે કરદાતા દ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ લાંબા-ખૂબ લાંબા સમય સુધી પડતર રાખવામા આવી રહી છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ચેકપોસ્ટ બાબતેની અપીલનો મોટો ભરાવો થયેલ છે. હાલ, લાગુ રહ્યું છે કે આગામી થોડા મહિનાઓમાં ટ્રિબ્યુનલ કાર્યરત થઈ જશે.

૩. અપીલ કરવામાં થયેલ વિલંબ દરગુજર ના કરવામાં આવતા અનેક વેપારીઓ છે મુશ્કેલીમાં

જી.એસ.ટી. કાયદાની જોગવાઈ પ્રમાણે કરદાતા દ્વારા જી.એસ.ટી. ડિપાર્ટમેંટના કોઈ પણ આદેશ સામે ત્રણ મહિનામાં અપીલ કરી શકે છે. આ અપીલ કરવામાં કોઈ કારણોસર મોડુ થાય તો વધારાનો એક મહિનાની અપીલ દાખલ કરવાના 'ડીલે'ને 'કોંડોન' કરવાની સત્તા જી.એસ.ટી. કાયદામાં આપવામાં આવેલ છે. આ ચાર મહિના વિલંબ બાબતે પણ અપીલ દાખલ કરવવામાં અનેક મુશ્કેલીઓ કરદાતાઓને તથા તેમના ટેક્સ પ્રોફેશનલ્સને પડી રહી હોવાની અનેક ફરિયાદો સતત મળતી રહેતી હોય છે. પરંતુ આ વધારાના એક મહિનાના ''બ્રહ્મ મુહરત'' પછી તો વિલંબ અંગે કારણો જાણવાની દરકાર પણ અપીલ અધિકારીઓ દ્વારા કરવામાં આવતી નથી. અપીલ દાખલ કરવાની આ જડતાના કારણે અનેક કરદાતાઓ નાની ભૂલની ખૂબ મોટી સજા ભોગવી રહ્યા છે. ઘણા કરદાતાને જૂની ડિમાન્ડ સામે અપીલ ના કરી શકવાના કારણે પોતાનો ધંધો બંધ કરી દવાની પરિસ્થિતી ઊભી થઈ ગઈ છે. જી.એસ.ટી. કાયદા હેઠળ અપીલ દાખલ કરવાની મર્યાદાના કારણે ક્યાંક વ્યક્તિના ધંધા કરવાના બંધારણીય હક્ક ઉપર તરાપ મારવામાં આવી હોય તેવું ફલિત થતું હોય છે.

આ બાબતે વાત કરતાં ગુજરાત ટ્રેડર્સ ફેડ્રેશનના પ્રમુખ અને જાણીતા વેપારી જયેન્દ્રભાઈ તન્ના જણાવે છે કે ''ભારતની સ્થાપના પછી પ્રથમ સેલ્સ ટેક્સ, પછી વેટ અને હવે જીએસટી આ મુજબ ના ફેરફાર સાથે વીસમી સદી માં આપણે જીવી રહ્યા છીએ. વિશેષ સંસદના સ્ત્રમાં રાત્રે ૧૨ વાગ્યે જેની અમલવારી સરકાર દ્વારા ક્રાંતિકારી પગલાં તરીકે જાહેરાત કરવામા આવી તે હાલની પ્રથા આ ત્રણેય વેરા પદ્ધતિ માં વધારે અનિષ્ટો સર્જનારી અને કરદાતાઓ માટે પીડાદાયક બની રહી છે. સરકારે જીએસટીની સરળ અને પ્રગતિશીલ પ્રણાલીમાં ૮ વર્ષમાં ૧૨૦૦ થી વધારે નાના મોટા ફેરફાર કરવા પડ્યા છે. સદુથી વધુ વિવાદો

અને એના કારણે લિટીગેશન થયા છે તેવું હું માનું છું. જે પદ્ધતિને કાયદાને ફૂલ પ્રૂફ અને પારદર્શક ગણાવી હતી તેમાં અભૂતપૂર્વ કરચોરીના બનાવો બની રહ્યા છે. વેપારી માટે જીએસટી નમ્બર મેળવવા માટે અનેક વિડમ્બના અને કોઠા પાર કરવા પડે છે. સંસદમાં જેમને સિદ્ધિઓ ગણાવી તે કોઈ રાજકીય નેતાઓ કઈ ઉકેલ લાવી શકતા નથી અને અધિકારીઓ ટેક્સ ટેરરીઝમને હકીકત બનાવી રહ્યા છે તેમ છતાં આંખ આડા કાન થઈ રહ્યા છે. ઇકોનોમી નું લગભગ કોઈ જ સેક્ટર જીએસટી પ્રથાની જોગવાઈ થઈ રાજી નથી તેવું હું માનુ છું. વીદેશી રોકાણકારો પણ આ સિસ્ટમ અંગે મુંઝાયેલ છે તેવું લાગી રહ્યું છે. હું ચોક્કસ માનુ છું કે ઈન્પુટ ટેક્સ ક્રેડિટને લગતી જોગવાઈઓમાં આમૂલ પરીવર્તન આવવું જોઈએ. આ જોગવાઇઓ કરચોરોને ધ્યાને રાખી નહીં પણ પ્રમાણિક વેપારીઓને ધ્યાને રાખી બનાવવી જોઈએ. આ ઉપરાંત નાની નાની ભૂલો ઉપર દંડની જોગવાઈ ના હોવી જોઈએ. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૮-૧૯ સુધી જે માફી યોજના લાવવામાં આવી હતી તે રીતે પછીના નાણાકીય વર્ષોમાં માફી યોજના લાવવી જોઈએ તેવું હું સ્પષ્ટ રીતે માનુ છું. છેલ્લા આઠ વર્ષમાં ફુગાવાને ધ્યાને લઈ, માલ અને સેવાની ઊંચી પડતરને ધ્યાને લઈ જીએસટી ફરજિયાત નોંધણી માટેની જે ટર્નઓવરની મર્યાદા સેવા પૂરી પાડનાર કરદાતાઓ માટે હાલ ૨૦ લાખની છે તે વધારી ૫૦ લાખ કરવી જોઈએ. તેવી જ રીતે માલનું વેચાણ કરતાં કરદાતાઓ માટે હાલ જે ટર્નઓવર મર્યાદા ૪૦ લાખછે તેમાં વધારો કરી ૨ કરોડ કરવી જોઈએ. આ સાથે કંપોઝીશન માટેની જે મર્યાદા છે તેમાં સેવા પ્રદાતા માટે ૫૦ લાખથી વધારી ૧ કરોડ કરી આપવામાં આવે અને માલ વેચાણ સાથે જોડાયેલ વેપારીની મર્યાદા હાલ જે ૧.૫ કરોડની છે તેમાં વધારો કરી ૩ કરોડ કરી આપવામાં આવે તેવી વેપાર જગતની માંગણી છે.''

જી.એસ.ટી. લાગુ કરવાની હિમ્મત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જેવા બાહોશ અને હિમ્મતવાન પ્રધાનમંત્રી જ કરી શકે એ ચોકકસ છે. જી.એસ.ટી. લાગુ કરવામાં પડેલ વિવિધ સમસ્યાઓનો દ્રઢતાથી સામનો કરી, જી.એસ.ટી. લાગુ કરવા અડગ રહી ૦૧ જુલાઈ ૨૦૧૭ થી જી.એસ.ટી. લાગુ કરવો એ પ્રધાનમંત્રીએના મક્કમ મનોબળનો પુરાવો છે. સૈદ્ધાંતિક રીતે જી.એસ.ટી. લાગુ કરવો દેશના તથા વેપારના હિતમાં છે તે બાબતે કોઈ બે મત નથી. પરંતું જી.એસ.ટી. જોઈએ તેવો 'સ્મૂથલી' લાગુ થઈ શક્યો નથી એ પણ હકીકત છે. આજે આઠ વર્ષ પછી પણ ઘણી બાબતો એવી છે જેમાં આમૂલ ફેરફારનો મોટાપાયે અવકાશ છે. આવી બાબતોમાં સૌથી વધુ જરૂર છે તો તે છે કરદાતા પ્રત્યેના વલણના બદલાવની જ્યાં જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા દરેક વેપારી/કરદાતાને શંકાની નજરે જોવામાં આવે છે!!

Best resort for Corporate events, Staff Tours etc. nr Diu

Flamingo Club & Resort

Why Flamingo is best for Corporate events??

- Nearly 40% of cost then similar hotels of Diu.
- 12% GST Credit available as situated in Gujarat.
- Facilities of Banquets and Party lawns.
- Special Suite rooms for top management.
- Best resort for family and group entertainment
- Pure Veg Restaurant
- Best in class amenities
- Water Sports facility support
- No burden of Liquor on corporates.

Contact: 9737021700 GM /9624121700 Front Desk
e mail: contact@flamingoclubresort.com, www.flamingoclubresort.com
Delwada Diu Road, Naliya Mandvi Ta Una. 362520

Diu Calling!!!

Amenities
- Swimming pool
- Mini Theatre*
- Gym & Indoor Sports
- Party Lawn
- Banquet
- Children Play Area

◆ Year: 9, ◆ Issue No.09, ◆ Continue Issue No.104, ◆ Date: 19/07/2025, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.